# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં મગફળીની 6 હજાર 700 કરોડ રૂપિયાની વિક્રમજનક ખરીદી કરી.
2) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, "વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી યુવાનોની છે."
3) ગુજરાત ATSએ અમદાવાદ જિલ્લાના ધોળકામાંથી 50 કરોડ રૂપિયાની કિંમતનો માદક પદાર્થનો જથ્થો પકડ્યો.
4) સૌરાષ્ટ્ર, દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં આગામી એક સપ્તાહ દરમિયાન સામાન્ય વરસાદની આગાહી
5) રાજકોટમાં રમાઈ રહેલી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટી-ટવેન્ટી મેચમાં ભારતે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી.

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MAGFALI KHARIDI

રાજ્યભરમાં હાલમાં મગફળી અને સોયાબિન સહિતના ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી ચાલી રહી છે. તે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધી 6 હજાર 700 કરોડ રૂપિયાની કિંમતની 10 લાખ મેટ્રિક ટન મગફળીની વિક્રમજનક ખરીદી કરવામાં આવી છે. જ્યારે 252 કરોડ રૂપિયાની કિમતની 51 હજાર 400 મેટ્રિક ટનથી વધુ સોયાબિનની ખરીદી થઈ છે.

નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી આગામી 8 ફેબ્રુઆરી સુધીમાં ખરીદી પૂર્ણ કરાશે તેમ કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

(બાઈટઃ રાઘવજી પટેલ, કૃષિમંત્રી)

. . . . . . . . . . . . .

# GTU RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, “વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સ્વર્ણિમ યુગના સ્વપ્નને સાકાર કરવાનું સૌભાગ્ય અને જવાબદારી આજના યુવાનોની છે.” તેમણે ઉમેર્યું, “ભૂતકાળમાં ફિલ્મોમાં જોયેલી A.I. અને રૉબોટિક્સની વાત આજે હકીકત બનવા જઈ રહી છે. અમદાવાદની ગુજરાત ટેક્નોલૉજિકલ યુનિવર્સિટી- GTUના 14મા વાર્ષિક પદવીદાન સમારોહમાં સંબોધતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરવા સલાહ આપી હતી.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

આ સમારોહમાં ઇન્ડિયન નેશનલ એકેડમી ઑફ એન્જિનિયરિંગના પ્રમુખ અને ઇન્ડિયન સ્પેસ એસોસિએશનના અધ્યક્ષ જયંત પાટિલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 38 હજાર 928 વિદ્યાર્થીઓને પદવી, 70 વિદ્યાર્થીઓને Ph.D અને 146 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# GUJARAT ATS

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી- ATSએ અમદાવાદના ધોળકામાંથી 50 કરોડ રૂપિયાની કિંમતનો માદક પદાર્થનો જથ્થો પકડ્યો છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ATSએ **24** જાન્યુઆરીએ ખંભાતમાંથી ગ્રીન લાઈફ ઇન્ડસ્ટ્રીમાંથી **107** કિલો માદક પદાર્થ સાથે **6** આરોપીની ધરપકડ કરી હતી. તેમાંથી એક આરોપીની તપાસમાં ધોળકા ખાતે **500** કિલો માદક પદાર્થનો જથ્થો છુપાવ્યો હોવાનું જણાયું હતું. દરમિયાન ATSએ ધોળકાની કંપનીમાં દરોડા પાડી 50 કરોડ રૂપિયાથી વધુનો માદક પદાર્થ કબજે કર્યો છે.

આ જથ્થો આફ્રિકન દેશોમાં મોકલવાનો હતો. તેને પેક કરવા માટેની વિવિધ સામગ્રી પણ રાખવામાં આવી હતી. છેલ્લા 8 મહિનાથી આ ગોદામમાં પકડાયેલો માદક પદાર્થ રખાયો હતો. ગોદામના માલિક અને તેમાં સંડોવાયેલા લોકોની તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

# TAPI SOG

વિશેષ સંચાલન સમૂહ- SOGએ તાપીમાંથી વિસ્ફોટક પદાર્થ સાથે 4 વ્યક્તિની ધરપકડ કરી છે. તાપીના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે, નિઝર તાલુકાના વેલદા ગામના ખેતરના કૂવાને ઊંડો કરવા આરોપીઓ, આ વિસ્ફોટકોનો ઉપયોગ કરવાના હતા. SOG પોલીસે એક લાખથી વધુના સામાન સાથે 4 આરોપીને ઝડપી એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે. બિલ કે આધાર પુરાવા વગર આ વિસ્ફોટક સામગ્રી મળતા પોલીસએ કાર્યવાહી કરી, ગુનામાં એક્સપ્લોઝીવ એક્ટની કલમનો ઉંમેરો કર્યો છે.

. . . . . . . . . . . . .

# ST BUS

રાજ્ય સરકારે એસ ટી નિગમના કર્મચારીઓને, હાલ ચૂકવતા મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કરી હવેથી 50 ટકા મુજબ મોંઘવારી ભથ્થું ચૂકવવાનો નિર્ણય લીધો છે. વધારેલા મોંઘવારી ભથ્થાનું એરિયર્સ પણ ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી એસ.ટી. નિગમના કર્મચારીઓને કુલ 125 કરોડ રૂપિયાથી વધુનો લાભ થશે. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપતા જણાવ્યું કે, આ અંગે ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA BUDGET – 2025

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ સત્રમાં મુખ્યમંત્રીના વિભાગોના જવાબ અન્ય મંત્રીઓ આપશે. જ્યારે અન્ય મંત્રીઓને ખરડા, પ્રશ્નોતરી અને મેજ પર મુકવાનાં કાગળો અંગે જવાબદારી સોંપાઈ છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સામાન્ય વહિવટ, નર્મદા તથા શહેરી વિકાસ વિભાગ, ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત ખાણ અને ખનીજ, મહેસુલ વિભાગ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગૃહ અને પોલીસ, આવાસ, નશાબંધી ખાતાના જવાબ રજૂ કરશે. જ્યારે મંત્રી જગદીશ વિશ્વકર્મા માર્ગ અને મકાન તથા પાટનગર યોજના, કૃષિ રાજ્યમંત્રી બચૂભાઈ  ખાબડ પંચાયત, પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા યાત્રાધામ, કૃષિમંત્રી રાઘવજી પટેલ બંદરો અને માહિતી અને પ્રસારણ તથા રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરીયા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના જવાબ રજૂ કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NFSU GANDHINAGAR

“આજનો યુવાન ભારતના ભવ્ય વારસા અને ભવિષ્યમાં આવનારી શક્યતાઓ વચ્ચેનો સેતુ બનશે.” ગાંધીનગરની રાષ્ટ્રીય ન્યાયસહાયકત વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSU ખાતે બ્રિક્સ- યૂથ કાઉન્સિલ એન્ટરપ્રિન્યોરશીપ પ્રિ-કન્સલ્ટેશનના ઉદ્ઘાટન પ્રસંગે ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલ- GCTCનાં સ્ટ્રેટેજિક કન્સલ્ટન્ટ પ્રાજના કુલશ્રેષ્ઠાએ આ મુજબ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, “આજે સમગ્ર ભારતમાં ગુજરાત એ ઉદ્યોગો માટે વિકાસનું આદર્શ બન્યું છે.

## (બાઈટઃ બળવંતસિંહ રાજપૂત, ઉદ્યોગમંત્રી)

ઉલ્લેખનીય છે કે, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય તેમજ ગ્લૉબલ કાઉન્ટર ટેરરિઝમ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે યુવા ઉદ્યોગસાહસિકો, સંશોધકોના વિચાર કલ્પનાઓને સાકાર કરવા માટેનું એક મંચ પૂરું પાડવા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . .

# PDEU-COVOCATION

પંડિત દીનદયાળ ઊર્જા વિશ્વવિદ્યાલય- PDEUના પદવીદાન સમારોહમાં આજે એક હજાર ૪90 વિદ્યાર્થીને ચંદ્રક અને પુરસ્કારો એનાયત કરાયાં.

ગાંધીનગરના રાયસણ ખાતે PDEU પરિસરમાં યોજાયેલાં કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક અને ડિરેક્ટર ઉદય કોટક ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે PDEUના અધ્યક્ષ અને ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ  સ્નાતક વિદ્યાર્થીઓ, વિદ્વાનો, તેમના માતાપિતા અને પરિસરના શૈક્ષણિક સમુદાયને સંબોધિત કર્યા હતાં.

. . . . . . . . . . . . .

# WEATHER

સૌરાષ્ટ્ર, દક્ષિણ અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં આગામી એક સપ્તાહ દરમિયાન સામાન્ય વરસાદની આગાહી છે. રાજ્યમાં હાલ ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશા તરફથી આવતા પવનના કારણે તાપમાનનું પ્રમાણ વધ્યું છે, જેથી ઠંડી અચાનક ઘટી છે. અરબ સાગરનો ભેજ રાજ્ય તરફ આવતા આજે અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. આ તરફ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહીંવત્ હોવાનું હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

. . . . . . . . . . . . .

# DAMAN CHITRA PRADARSHAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સુનિલ વેદ પાઠકના "મયુર દર્શન" નામક યોજાયેલા ચિત્ર પ્રદર્શનમાં રાષ્ટ્રીય પક્ષી મોરના 120થી વધુ ચિત્રો પ્રદર્શિત કરાયાં. શ્રી વેદપાઠકે નિરાંતના સમયમાં આ ચિત્રો બનાવ્યા હોવાનું જણાવી દરેક વ્યક્તિએ પોતાની છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા માટે સમય કાઢવાની સલાહ આપી હતી. બે દિવસના પ્રદર્શનમાં સ્થાનિક રહેવાસીઓ તેમજ પ્રવાસીઓ સહિત 500થી વધુ લોકોએ હાજરી આપી હતી.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR YOG SHIBIR

ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજમાં આવતીકાલે અને 30 જાન્યુઆરીએ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિશપાલજી અધ્યક્ષતામાં શિતકાલીન યોગ શિબિર યોજાશે. લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીઓમાં યોગ અંગેની જાગૃતતા લાવવાનાં હેતુથી શિબિરનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . .

# RAJKOT ONE DAY CRICKET

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ રહી છે. ભારતીય ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ પાંચ મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે.

. . . . . . . . . . . . .